# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2023** **Midday: 1.20 to 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

- અમેરિકા, ફ્રાન્સ, જર્મની, બ્રિટન અને ઇટાલીના નેતાઓએ એક સંયુક્ત નિવેદનમાં આતંકવાદી જૂથ હમાસ દ્વારા ઇઝરાયેલ પર કરાયેલા હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે.
- તાંઝાનિયાના રાષ્ટ્રપતિ ડૉ. સામિયા સુલુહુ હસનને આજે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી દ્વારા માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે.
- સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ઇટાલિયન સંરક્ષણમંત્રી ગાઈડો ક્રોસેટો સાથે રોમમાં મંત્રણા કરી છે.
- કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળોની સંયુક્ત ટીમે કરેલી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે.
- કેરળના કોચીમાં આજે કૃષિ વિજ્ઞાન સંમેલનનો આરંભ થશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં એશિયન ગેમ્સમાં નોંધપાત્ર કામગીરી કરીને સ્વદેશ પાછા આવેલા ખેલાડીઓ સાથે સંવાદ કરશે.

.........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**GLOBAL-LEADERS-ISRAEL**

અમેરિકા, ફ્રાન્સ, જર્મની, બ્રિટન અને ઇટાલીના નેતાઓએ એક સંયુક્ત નિવેદનમાં કહ્યું કે, આતંકવાદી જૂથ હમાસ દ્વારા કરવામાં આવેલા ઇઝરાયેલ પરના હુમલાની કડક  શબ્દોમાં નિંદા કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન, જર્મનીના ચાન્સેલર સ્કોલ્ઝ, ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની અને બ્રિટનના પ્રધાનમંત્રી  ઋષિ સુનક સાથે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસના આતંકવાદી કૃત્યોને કોઈનું સમર્થન નથી.

આ નિવેદનમાં વિશ્વના અગ્રણીઓએ  હમાસના આતંકવાદીઓ દ્વારા થયેલ 200 થી વધુ યુવાનોની હત્યાની ઘટનાની નિંદા કરી છે તથા આ હુમલામાં મહિલાઓ, બાળકો તથા તેમના પરિવારોને બંધક તરીકે રાખવામાં આવી રહ્યા છે જે નિંદનીય છે. તેઓએ કહ્યું છે કે, તેમના દેશો ઇઝરાયલ દ્વારા સ્વરક્ષણમાં કરાયેલી કાર્યવાહીનું સમર્થન કર્યું છે. તેઓ પેલેસ્ટીની લોકોની વાજબી આકાંક્ષાઓને માન્ય રાખે છે, પણ તેઓ સ્પષ્ટ રીતે માને છે કે  આતંક અને રક્તપાતને મહત્વ આપતું હમાસ જૂથ પેલેસ્ટીની લોકોની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરતું નથી.

દરમિયાન સીએનએનના અહેવાલ મુજબ ઇઝરાયેલે ચેતવણી આપી છે કે આ માત્ર શરૂઆત છે..

## ISRAEL HAMAS

ઇઝરાયલ અને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં બંને પક્ષે મૃત્યુઆંક 1 હજાર 600ને પાર કરી ગયો છે. અહેવાલો અનુસાર, ઓછામાં ઓછા 2 હજાર 600 લોકો ઘાયલ થયા છે. અંદાજે 900 થી વધુ ઇઝરાયેલીઓ મૃત્યુ પામ્યા છે અને 600 થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.

દરમિયાન ઇઝરાયલે ગાઝાને સંપૂર્ણ ઘેરી લેવા અને તેને ખોરાક, ઇંધણ અને અન્ય પુરવઠો મોકલવાનું બંધ કરવા ફરમાન કર્યું છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી

બેન્જામિન નેતન્યાહુએ હમાસમાં બાંધી બનાવેલ બાળકો અને અન્ય લોકો પર થતાં અત્યાચારોનો આરોપ લગાવતા બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

હમાસે ધમકી આપી છે કે જો ચેતવણી વિના પેલેસ્ટિનિયન નાગરિકોને નિશાન બનાવશે તો પકડાયેલા ઇઝરાયેલીઓને મારી નાખવામાં આવશે.

## TANZANIA PREZ - JNU

તાંઝાનિયાના રાષ્ટ્રપતિ ડૉ. સામિયા સુલુહુ હસનને આજે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી દ્વારા માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. આ પદવી ભારત-તાન્ઝાનિયાના મજબૂત સંબંધોને ઉત્તેજન આપવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા બદલ એનાયત કરવામાં આવી હતી. ડૉ. સામિયા હસને આ સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

તેણીએ કહ્યું, આ સન્માન હંમેશા તેની સ્મૃતિમાં કોતરવામાં આવશે કારણ કે વિદેશમાં આ તેણીને મળેલ પ્રથમ એવોર્ડ છે.

આ પ્રસંગે બોલતા વિદેશ મંત્રી, ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, શિક્ષણ અને ક્ષમતા નિર્માણ એ ભારત-તાન્ઝાનિયા સંબંધોના મહત્વપૂર્ણ પાસાઓ છે. અને પાંચ હજારથી વધુ તાન્ઝાનિયાના નાગરિકોને ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવી છે. તેમણે કહ્યું કે, બંને દેશો વચ્ચે આર્થિક સંબંધો હંમેશા મજબૂત સ્તંભ રહ્યા છે.

## RAJNATH-ITALY

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ઈટાલીની તેમની મુલાકાતના પ્રથમ દિવસે રોમમાં ઇટાલિયન સંરક્ષણમંત્રી ગાઈડો ક્રોસેટો સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓએ સંરક્ષણ ઔદ્યોગિક સહયોગમાં તકો અંગે ચર્ચા કરી અને બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને પ્રોત્સાહન આપવા માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

રક્ષા મંત્રીએ ઇટાલિયન સંરક્ષણ કંપનીઓ સાથે ભારતીય સ્ટાર્ટ-અપ્સની ક્રિયાપ્રતિક્રિયા પ્રોત્સાહન આપવાનું સૂચન કર્યું હતું.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને પક્ષોએ સંરક્ષણ સહયોગના મુદ્દાઓ હેઠળ તાલીમ, માહિતીનું આદાન-પ્રદાન, દરિયાઈ કવાયત અને દરિયાઈ સુરક્ષા અંગે પણ ચર્ચા કરી હતી. સંરક્ષણ ક્ષેત્રે સહકાર અંગેના કરારમાં સુરક્ષા અને સંરક્ષણ નીતિ, સંશોધન અને વિકાસ, સૈન્ય ક્ષેત્રે શિક્ષણ, દરિયાઈ ક્ષેત્રની જાગૃતિ, સંરક્ષણ માહિતીની વહેંચણી અને ઔદ્યોગિક સહયોગનો સમાવેશ થાય છે.

## J&K TERRORISTS

કાશ્મીર ખીણમાં, દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના અલશીપોરા ગામમાં નિશાચર ગોળીબારમાં સુરક્ષા દળોની સંયુક્ત ટીમ દ્વારા બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

ADGP કાશ્મીરના જણાવ્યા અનુસાર, ઓપરેશનમાં તટસ્થ થયેલા આતંકવાદીઓ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબા (LeT) સાથે સંકળાયેલા હતા.

માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી એક થોડા મહિના પહેલા કાશ્મીરી પંડિત સંજય શર્માની હત્યામાં સામેલ હતો.દરમિયાન, છેલ્લા અહેવાલો આવ્યા ત્યાં સુધી આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ હતું. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

## JK INSPECTION

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ ગઈકાલે કાશ્મીર ઘાટીની મુલાકાત લીધી હતી. તેમણે શ્રીનગરના જેવાન ખાતે પ્રધાનમંત્રીના વિશેષ પેકેજ હેઠળ આવરી લેવામાં આવેલા કર્મચારીઓના પરિવહન આવાસનું નિરીક્ષણ કર્યું. લેફ્ટનન્ટ ગવર્નરે નિર્માણ કાર્યની પ્રગતિની સમીક્ષા કરી.

તેમણે બાંધકામ હેઠળના વિભાગની કામગીરી સમયસર પૂર્ણ કરવા અને કડક મોનીટરીંગ કરવા નિર્દેશ આપ્યો હતો.

બાદમાં લેફ્ટનન્ટ ગવર્નરે શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડની ઓફિસ અને શ્રીનગરના પંથા ચોક ખાતે યાત્રી નિવાસના નિર્માણ સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે આ પ્રતિષ્ઠિત પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી.

## KOCHIN AGRICULTURAL SCIENCE CONGRESS

કેરળના કોચીમાં આજે બપોરે 16મી કૃષિ વિજ્ઞાન કોંગ્રેસ શરૂ થશે. ચાર દિવસીય આ કાર્યક્રમનું ઉદઘાટન કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલા કરશે.

16મી કૃષિ વિજ્ઞાન કોંગ્રેસ પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ, નીતિ ઘડવૈયાઓ, ખેડૂતો અને ઉદ્યોગ સાહસિકોને એક પ્લેટફોર્મ પૂરું પાડશે અને સંશોધનના તારણો અને વિચારોની આપલે કરવાની તક પૂરી પાડશે.

કૃષિ વિજ્ઞાન કોંગ્રેસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય કૃષિ-ખાદ્ય પ્રણાલીને ટકાઉ સાહસોમાં પરિવર્તિત કરવા અને તેના લાભો ભાવિ પેઢી સુધી પહોંચાડવા માટે વૈજ્ઞાનિક ચર્ચાઓ હાથ ધરવાનો છે. તેનું આયોજન નેશનલ એકેડમી ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

કેરળમાં પ્રથમ વખત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## PM- ATHLETES MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં એશિયન ગેમ્સમાં નોંધપાત્ર કામગીરી કરીને સ્વદેશ પાછા ફરેલા ખેલાડીઓ સાથે સંવાદ કરશે.

પ્રધાનમંત્રીએ એશિયન ગેમ્સના ખેલાડીઓની અસાધારણ સિદ્ધિઓને બિરદાવવા અને તેમને ભવિષ્યની સ્પર્ધાઓ માટે પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

એશિયન ગેમ્સમાં ભારતે 28 સુવર્ણ સહિત કુલ 107 ચંદ્રકો જીત્યા હતા. ચંદ્રકોની કુલ સંખ્યાના સંદર્ભમાં એશિયન ગેમ્સમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ અસાધારણ સિદ્ધિ માટે ખેલાડીઓને અભિનંદન આપતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ખેલાડીઓના પ્રેરણાદાયી પ્રદર્શને ઈતિહાસ રચ્યો અને દેશવાસીઓને ગૌરવ અપાવ્યું છે.

## MP-ELECTION-PREPARATIONS

મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાં રાજકીય ગતિવિધિઓ ઝડપી બની છે. મધ્યપ્રદેશમાં આગામી 17મી નવેમ્બરે મતદાન થવાનું છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે રાજ્યમાં મુખ્ય મુકાબલો સત્તાધારી ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ વચ્ચે છે. ભાજપે 230 પૈકી 135 બેઠકો માટેના ઉમેદવારોની જાહેરાત કરી છે. જો કે કોંગ્રેસે હજી ઉમેદવારો જાહેર કર્યા નથી.

## AMIT SHAH TELANGANA

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે તેલંગાણાના આદિલાબાદમાં એક જાહેર સભાને સંબોધિત કરીને રાજ્યમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. બાદમાં અમિત શાહ સિકંદરાબાદમાં વરિષ્ઠ નાગરિકો સાથે બેઠક કરશે.

ગઈકાલે સાંજે હૈદરાબાદમાં માહિતી આપતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કિશન રેડ્ડીએ કહ્યું હતું કે લોકો રાજ્યમાં સત્તા પરિવર્તન ઈચ્છે છે તેમણે કહ્યું કે તેલંગાણાના લોકો રાજકીય પરિવર્તન માટે ઉત્સુક છે અને તેમણે નક્કી કર્યું છે કે ભાજપ જ તેમનો એકમાત્ર વિકલ્પ છે. કિશન રેડ્ડીએ કહ્યું કે પક્ષની વિવિધ સમિતિઓ પોતપોતાના અહેવાલો અને પ્રચાર યોજનાઓને અંતિમ રૂપ આપશે. તેમણે કહ્યું કે ઉમેદવારોની યાદી પહેલાથી જ નક્કી થઈ ગઈ છે.

## SIKKIM-IMCT

આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ આજે સિક્કિમના મંગન, નાગા અને ચુંગથાંગના પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈ રહી છે. ટીમે ગઈકાલે ઈન્દ્રેની, સિરવાણી બ્રિજ, જોરલુંગે અને 20મી માઈલ, માજીતર ખાતેના સસ્પેન્શન બ્રિજ ખાતે માળખાકીય સુવિધાઓને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું હતું.

કેન્દ્રીય ટીમે મજીગાંવ ખાતેના રાહત શિબિરની પણ મુલાકાત લઈને રાહત કેન્દ્રોમાં યોગ્ય સ્વચ્છતા જાળવવાની ભલામણ કરી હતી. બચાવી લેવામાં આવેલા લોકો માટે માનસિક સ્વાસ્થ્ય કાઉન્સેલિંગનું પણ સૂચન કર્યું હતું.આંતર-મંત્રાલયની ટીમે કહ્યું કે રાજ્યની ટૂંકા ગાળાની અને તાત્કાલિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવશે.

ટીમે સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવા માટે નાણાકીય સહાય તાત્કાલિક રિલીઝ કરવાની ખાતરી આપી હતી.

સિક્કિમમાં પૂરના કારણે મૃતકોની સંખ્યા 36 પર પહોંચી ગઈ છે, જેમાં ભારતીય સેનાના 10 જવાનો પણ સામેલ છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે પુષ્ટિ કરી છે કે 80 લોકો ગુમ છે.